# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

**વંચાણે લીધો:** ૧. રાજય એન.એસ.એસ. અધિકારી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર નં NSS/Yoga Day/2021/2144-2219 Dt.1/6/2021

## -:: પરિપત્ર ::-

સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા પ્રતિ વર્ષ ૨૧મી જુનને 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' તરીકે ઉજવવાનું જાહેર કરેલ છે. પ્રવર્તમાન સમયમાં સમગ્ર વિશ્વમાં કોરોના મહામારીને લીધે 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' ની સામૂહિક રીતે ઉજવણી કરવી શક્ય નથી. જેથી વંચાણે લીધેલ પત્રથી આપવામાં આવેલ સુચના અનુસાર સાતમા 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' ની ઉજવણી ઓનલાઇન કરવાનું નક્કી કરેલ છે. જેના ભાગરૂપે આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ આચાર્ય/ડીનશ્રી, યુનિટ/સબ યુનિટ કચેરીના અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ, વિદ્યાર્થીઓ, રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકો, તથા એન.સી.સી. કેડેટ્સને જણાવવાનું કે **તા.૨૧/૦૬/૨૦૨૧** ના રોજ 'કોમન યોગા પ્રોટોકોલ' મુજબ સવારે ૭.૦૦ કલાક થી ૭.૪૫ કલાક દરમ્યાન દરેકે પોતાના ઘરે વ્યૈક્તિક રીતે અથવા પરીવારજનો સાથે કોવિડ-૧૯ની ગાઇડલાઇન મુજબ આયુષ મંત્રાલયની અધિકૃત વેબસાઇટ (www.yoga.ayush.gov.in) અથવા www.yogamdniy.nic.in પર મુકવામાં આવેલ 'કોમન યોગા પ્રોટોકોલ' મુજબ યોગાસન કરવા જણાવવામાં આવે છે.

વધુમાં, કોલેજ/પોલીટેક્નીક/યુનિટ દ્વારા કરવામાં આવેલ 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' ની ઉજવણીની માહિતીનો રીપોર્ટ ફોટોગ્રાફ સહિત તા.૨૨/૦૬/૨૦૨૧ ના ૧૪.૦૦ કલાક સુધીમાં **dsw@aau.in પર મોકલી આપવાનો રહેશે.**

જા.નં.આકૃયુ/વિક/યોગા ડે/૨૯૩-૯૫/૨૦૨૧
તા:૧૭/૦૬/૨૦૨૧

નિયામક
વિદ્યાર્થી કલ્યાણ

**નકલ જયભારત સહ રવાના જાણ તથા અમલ થવા સારૂ.**

૧. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવ/કુલ સચિવશ્રીના અંગત સચિવ તરફ
૨. યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ
૩. આચાર્ય/ડીનશ્રી, તમામ કોલેજ/પોલીટેક્નીક તરફ જાણ તથા અમલ થવા સારૂ.
૪. તમામ યુનિટ/સબ યુનિટ અધિકારી તરફ જાણ તથા અમલ થવા સારૂ.
૫. પ્રોગ્રામ ઓફીસરશ્રી, કૃષિ/એફપીટી/એઆઇટી/હોર્ટીકલ્ચર/કૃષિ ઇજનેરી કોલેજ/કૃષિ પોલી./ફૂડ સાયન્સ પોલી./બાગાયત પોલી./કૃષિ ઇજનેરી પોલી. આ.કૃ.યુ., આણંદ/ગોધરા/વસો/ જબુગામ/વડોદરા/દાહોદ તરફ જાણ થવા સારૂ.
૬. ચેરમેનશ્રી, વિદ્યાર્થી સંઘ, કૃષિ/એફપીટી/એઆઇટી/હોર્ટીકલ્ચર/ આઇ.એ.બી.એમ.આઇ./ કૃષિ ઇજનેરી કોલેજ/કૃષિ પોલી./ફૂડ સાયન્સ પોલી./બાગાયત પોલી./કૃષિ ઇજનેરી પોલી. આ.કૃ.યુ., આણંદ/ગોધરા/વસો/ જબુગામ/વડોદરા/દાહોદ તરફ જાણ થવા સારૂ.